ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૫૩ ટકા

# ટ્રાફિક સિગ્નલ ડૂલ : GIDC સર્કલ પાસે ટ્રાફિક જામ

## જીઆઈડીસી સર્કલ પાસે મોટા વાહનો સહિત તમામ વાહનોની અવરજવર રહેતા ટ્રાફિક સમસ્યાઓ વધી : સિગ્નલ તાત્કાલિકપણે શરૂ કરવાની માંગ



ગાંધીનગર, તા.૨૮

શહેરમાં ટ્રાફિક સમસ્યાઓ દિનપ્રતિદિન વધી રહી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે ગાંધીનગર જીઆઈડીસી સર્કલ પાસે ટ્રાફિકની ખુબ જ ગંભીર સમસ્યાઓ ઉભી થઈ છે. આ સર્કલ પાસે ટ્રાફિક સિગ્નલ બંધ રહેતું હોવાની ફરીયાદો ઉઠી છે. જીઆઈડીસી સર્કલ પાસે સિગ્નલ બંધ હાલતમાં હોવાના કારણે ખુબજ ટ્રાફિક જામ થઈ રહયો છે. આ સર્કલ પર જીઆઈડીસી હોવાના કારણે તમામ પ્રકારના વાહનો આ માર્ગ ઉપરથી અવરજવર કરે છે તેથી ચારેય બાજુ સર્કલ બ્લોક થઈ જાય છે. જો સર્કલ પસાર કરવામાં ૩૦થી ૬૦ સેકન્ડનો સમય લાગે એની જગ્યાએ ટ્રાફિક સિગ્નલ બંધ હોવાથી ૨૦થી ૨૫ મીનીટ સુધીનો સમય લાગે છે. તમામ રસ્તા ચારેય બાજુથી બ્લોક થઈ જવાથી જીઆઈડીસીમાં કાર્યરત કર્મચારીઓ ફરજ ઉપરથી પરત ફરતાં તેઓને ટ્રાફિક વધુ નડતરરૂપ બને છે. ટ્રાફિક સિગ્નલમાં કોઈ ટેકનીકલ કારણોસર ક્ષતિ હોય તો આ સ્થળ પર ટ્રાફિક પોલીસની વ્યવસ્થા કરવી જોઈએ. તમામ જીઆઈડીસીના કર્મચારીઓએ આ ટ્રાફિક સિગ્નલ સત્વરે ચાુ કરાવામાં આવે તેવી માંગ કરી છે. ઓફીસ ટાઈમે ટ્રાફિક સમસ્યાની અડચણને તાત્કાલિક નિવારવા માટે ટ્રાફિક પોલીસની વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

સેકટર-૨૬ની જી. આઈ. ડી. સીનું સર્કલ જેને ટાટા ચોકડી તરીકે ઓળખવામાં આવે છે ત્યાં દૈનિક કરતાં વધારે ટ્રાફિક સમસ્યા સર્જાતા લોકો પણ પરેશાન બન્યા છે. શિયાળાના દિવસો ચાલી રહયા છે સાંજે છ વાગ્યે તો અંધકાર થઈ જાય છે ત્યારે દુર જનારા કર્મચારીઓ માટે રાત્રીના ટ્રાફિકના કારણે ઘરે પહોંચવામાં પણ મોડુ થઈ જાય છે. ઉપરાંત આ વિસ્તારમાં વધતો જતો વિકાસ પણ વાહનોની અવરજવર માટે કારણભુત કહી શકાય. આ વિસ્તારમાંથી મોટા વાહનોની અવરજવર વધારે જોવા મળે છે. ત્યારે ટ્રાફિક જામ થતાં મોટા વાહનોને પણ ઘણી મુશ્કેલીથી વાહન ચલાવવાનો વારો આવે છે. જેમાં કોઈ અકસ્માત કે જાનહાનિ ન સર્જાય તેની પણ તકેદારી રાખવી પડે છે.

ટ્રાફિક સર્જાતા એકબીજાના વાહનોને ટકકર તો વાગી જ જતી હોય તેવામાં ટ્રાફિક પોલીસની જરૂરીયાત રહેતી હોય છે.

કોઈ વાહનને ટકકર વાગતાં ગાડીઓ ત્યાં જ અટકી જાય છે અને મોટાભાગે બોલાચાલી થતી હોય છે. જેથી ટ્રાફિક સમસ્યા વધી જાય છે.

વાહનોની કતાર લાગે છે. જેમાં ઓફીસ ટાઈમ પર કાર્યસ્થળે પહોંચવું કર્મચારીઓ માટે સહેલું નથી. જેથી ટ્રાફિક સિગ્નલો તાત્કાલિક રીતે શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## જે.બી. પ્રાથમિક શાળા દ્વારા રૂ માંથી સસલું અને પિસ્તાના ફોતરામાંથી વિવિધ આકારો બનાવવાની સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ-૫ અને ૬ ના વિદ્યાર્થીઓ માટે તા. ૨૪-૧૧-૨૦૨૨ને ગુરૂવારે અલગ અલગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૫ માં રૂ માંથી સસલું બનાવવું અને ધો. ૬ માં પિસ્તાના ફોતરામાંથી વિવિધ આકારો બનાવીને ચોટાડવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં તમામ વર્ગના કુલ ૭૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સ્પર્ધાઓમાં ભાગ લઈને સુંદર મજાના સસલાં અને પિસ્તામાંથી અવનવા આકારો બનાવીને ઉત્તમ કલાકૃત્તિઓ રજૂ કરી હતી. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.



અત્યારે ઠંડી ની સીઝન ચાલું થઈ ગઈ છે.અગરીયા લોકો મીઠું પકવવા માટે પાટડી, ખારાઘોડા અને વાછરાદાદા રણમાં જ તેમનું રહેઠાણ છે. અહીંયા રહેતા લોકોને ઠંડી થી બચવા માટે ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા નાના બાળકો ને ૧૫૦ સ્વેટર ,૫૫૦ ગરમ ટોપી, ૪૫૦ ધાબળા, ૫૫૦ સ્કાફ નું વિતરણ કરવામાં આવ્યું હતુ. લોકો ની વસ્તી ને જોતા આવતા રવિવારે હજુ વધુ ગરમ કપડાં નું વિતરણ કરવામાં આવશે

## અદાણી મેરેથોનમાં ગાંધીનગર શહેરના રનર્સ ફિનીશરનો મૅડલ જીતીને આવ્યા



ગાંધીનગર,તા.૨૮

રન ફોર અવર સોલ્જર' ટાઈટલ સાથે અમદાવાદ અદાણી મેરેથોન સળંગ છઠ્ઠા વર્ષે આયોજિત કરવામાં આવી હતી. અમદાવાદ, ગાંધીનગર અને ગુજરાતના લગભગ ૨૦૦૦ હજાર રનર્સ ૪૨.૧૯૬ કિલોમીટર ફૂલ મેરેથોન અને ૨૧.૦૯૭ કિલોમીટરની હાફ મેરેથોનમાં ભાગ લીધો હતો. ગાંધીનગર રનર્સ ગ્રુપ અને શહેરના અન્ય રનર્સ અમદાવાદ અદાણી મેરેથોનમાં ભાગ લઈ ફિનીશરનો મૅડલ જીતીને આવ્યા હતા. આ રનર્સમાં જગત કારાણી, હરિશ્ચંદ્ર, પિંકી જહા, સંજય થોરાત, રિદ્ધિ થોરાત, મયુર થાનકી, પ્રવીણ નાયર, સ્ટીફન મુકાલેલ, મિતેશ ગજ્જર, ભરત પટેલ, પ્રવીણ પટેલ, રમેશબાબુ ગટ્ટુ, રાજેશ્રી પરમાર, રજનીકાંત પરમાર, ઈન્દ્રસિંહ વાઘેલા, બીજુ પિલ્લાઈ, પ્રદીપ ગેહલોત, ડૉ. રાજેન્દ્ર સોમપુરા, ઉત્સવી સોમપુરા, પ્રેરક મોદી, ઉન્નતિ મોદી, જીતેન્દ્ર ઉપાધ્યાય, મિતા ઉપાધ્યાય અને વ્યોમા ઉપાધ્યાય દ્વારા આ મેરેથોન પૂરી કરતા એમને ફિનીશરનો મૅડલ એનાયત કરવામાં આવ્યો હતો.

## સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે સંવિધાન દિવસની ઉજવળી



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ખાતે પણ સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન તથા યુથ હોસ્ટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા, ગાંધીનગર યુનિટના સંયુક્ત ઉપક્રમે યુવાનોએ એકત્ર થઈને સંવિધાનની ઉપદેશિકાનુ પઠન કર્યું હતું અને તેનું પાલન કરવાના શપથ લીધા હતા. આ પ્રસંગે કોલેજના પ્રાધ્યાપકો CWDC કોઓર્ડિનેટર ડો. કિરણબહેન નિમાવત, કુ. નિશાબહેન શર્મા, એનએસએસ કોઓર્ડિનેટર શ્રી મનીષ વિસાવાડીયા, નહેરુ યુવા કેન્દ્ર તથા વનશ્રી ટ્રસ્ટ તરફથી શ્રીમતિ અંજનાબહેન નિમાવત તથા યુથ હોસ્ટેલ એસોસિએશન તરફથી શ્રી ઉત્કર્ષ ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નહેરુ યુવા કેન્દ્ર ના કોઓર્ડિનેટર શ્રી પંકજ માતરેજાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ હતો.



## સે-૩૦ મુક્તિધામ ખાતે મહાદેવ સ્મૃતિ વડ વન

ગાંધીનગર, હરિયાળુ ગાંધીનગર, ના સંકલ્પ સાથે વૃક્ષ વાવીને એનું જતન કરવાના સંકલ્પ સાથે સેક્ટર ૩૦ મુક્તિધામ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતુ.આવનારા સમયમાં લોકો પ્રકૃતિ પ્રેમી મિત્રો અને પ્રકૃતિના જતન અને સંવર્ધન માટે પ્રયત્નશીલ વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વર્ઈ સાથે મળીને આ કાર્યને વેગવંતુ બનાવીશું આવો તમે પણ તમારા પ્રિયજનના વડીલ ના નામનું એક વૃક્ષ મહાદેવ સ્મૃતિ વન માં વાવો અને આ વૃક્ષની પાણી અને દેખરેખ ની જવાબદારી અમારી સંસ્થા નિભાવશે.

## એકસાથે ચાર પુસ્તકોનું વિમોચન કરી નવોદિત લેખિકાએ સર્પ્રાઈઝ આપી.!



ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર શહેરમાં સૌથી વધુ સાહિત્યકાર રહે છે. શહેરમાં અઠવાડિયે એક પુસ્તકનું વિમોચન થાય છે. ગાંધીનગર શહેરમાં નવોદિત લેખિકા અન્નપૂર્ણા મેકવાને એકસાથે ચાર પુસ્તકોનું વિમોચન કરીને સૌને અનોખી સર્પ્રાઈઝ આપી છે.

રવિવારે સાંજે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ હોલ ગાંધીનગર ખાતે નવોદિત લેખિકા અન્નપુર્ણા મેકવાનના વાર્તા-નવલકથા-લેખસંચય મળી એમ કુલ ચાર પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ લોકાર્પણ સમારંભમાં અધ્યક્ષપદે ડૉ. કેશુભાઈ દેસાઈ તથા અતિથિપદે રજનીકુમાર પંડ્યા, રાઘવજી માધડ, ડૉ. અજયસિંહ ચૌહાણ, અમિતાભ મેકવાન તથા પ્રકાશક મનીષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.વકતાઓએ તરસ/વાર્તાસંચય, હમસફર/નવલકથા, સરપ્રાઈઝ/નવલકથા, તુઝસે નારાજ નહીં ઝિંદગી/લેખસંચય પુસ્તકો વિશે મનનીય વક્તવ્યો રજૂ કર્યા હતા.

લોકાર્પણ સમારોહમાં જાણીતા સર્જકો મણિલાલ હ.પટેલ, કલ્પેશ પટેલ, પ્રવીણ ગઢવી, દલપત ચૌહાણ, પ્રવીણ શ્રીમાળી, સાહિલ પરમાર, નટુભાઈ પરમાર, હસમુખ મેકવાન, રસીલાબેન પરમાર/સમાજ મિત્ર, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, ડંકેશ ઓઝા, રણછોડ પરમાર, રમણભાઈ વાઘેલા તથા ભાવકોમાં વસંત જાદવ, નિલેશ થાનકી, ડો.આનંદ, ગાંધીનગર સાહિત્યસભાના સભ્યશ્રીઓ અને અન્નપુર્ણા ચંદ્રવદન મેકવાનના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સમારંભનું પ્રભાવકારી સંચાલન જાણીતા સાહિત્યકાર સ્વ.જોસેફ મેકવાનના સુપુત્ર ચંદ્રવદન મેકવાને કર્યુ હતું.

## આપના ઉમેદવાર મુકેશ પટેલ દ્વારા જુના સેકટરોમાં પ્રચાર



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં ઉમેદવારો દ્વારા પ્રચાર-પ્રસાર કાર્ય તેજ કરી દેવામાં આવ્યું છે. મતદારોના ઘર સુધી પહોંચવા માટે ઉમેદવારો કમરકસી રહ્યા છે.

રાજયના પાટનગરમાં ઠંડી વધુ હોવા છતા રાજકારણનો ગરમાવો જામ્યો છે. ત્યારે આજે આપ પાર્ટીના ઉમેદવાર મુકેશ પટેલ દ્વારા સેકટર-૧૨ થી સેકટર-૩૦ સુધી ગાડીઓમાં સેકટરો ખુંદી વળ્યા હતા.જયારે જુના સેકટરના રહીશોએ મુકેશ પટેલનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ત્યારે પ્રચારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. પ્રચાર ઝુંબેશ અંતિમ ચરણમાં ચાલી રહી છે. છેલ્લા દિવસોમાં વિવિધ રાજકીય પાર્ટી દ્વારા શકિત પ્રદર્શનો કરવામાં આવશે.

ત્યારે હાલ તો મતદારોને રીઝવવા માટે સેકટરોમાં બેઠકો તેમજ વિવિધ સમાજના આગેવાનો સાથે ગ્રુપ બેઠકોનો દોર પણ શરુ છે.

ત્યારે પ્રચાર પ્રસાર વેગવાન બનાવતા શહેરમાં આપ પાર્ટીનો માહોલ જામ્યો હોય તેમ લાગી રહ્યું છે.

## રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પરિચય પ્રવાસ યોજાયો



ગાંધીનગર, તા. ૨૮

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીની પ્રેરણા અને હિન્દીભવનના નિયામક પ્રા. રમેશભાઈ મ. પટેલ આયોજિત ગુજરાત હિન્દી હિન્દુસ્તાની પ્રચાર સમિતિના સભ્યો અને સેવકો માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજાનો પરિચય પ્રવાસ યોજાયો હતો. જેમાં ડૉ. વિષ્ણુપ્રસાદ ગર્ગે ખેડૂતો માટેની વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી હતી. આ ઉપરાંત પ્રવાસીઓને ધાર્મિક, ઐતિહાસીક સ્થળો જેવા કે રૂપાલના વરદાયિનીમાતા, સાદરાના જક્ષણિમાતા, ધોળેશ્વર મહાદેવ અને અડાલજની વાવની મુલાકાત લેવડાવી રોજિંદા કાર્યભારમાંથી મુક્તિ અપાવી હળવાશનો અહેસાસ કરાવ્યો હતો. હિન્દીભવનના જયેશ પટેલ, ઈરિન પટેલ, પિયૂષ શાહ, મહેન્દ્ર રાઠોડ, ભગવતી શાહ, રીટા દવે, સુશિલા પટેલ, દેવાંશિ નાયક, શુભાંગી વીણી, આજ્ઞા પટેલ, અશોક પટેલે હર્ષભેર ભાગ લીધો હતો.

## જન્મદિને વધામણી



દિલીપસિંહ અજીતસિંહ બિહોલા
એડવોકેટ
મો. ૯૪૨૬૩ ૭૯૨૫૨



દિલીપ પ્રજાપતિ
પત્રકાર, ઈ ટીવી
મો. ૯૭૨૫૬ ૪૭૧૯૭




કોકિલાબેન ડી શાહ
સભ્ય, ગોપી મંડળ
મો. ૯૪૦૯૫ ૪૮૭૮૭



અરવિંદ જયંતિલાલ શ્રીમાળી
મો. ૯૮૨૪૧ ૬૬૪૮૨



ધ્રુવ પટેલ
મો. ૮૩૪૭૫ ૯૯૩૯૪



ડો. વિક્રમસિંહ આર. ચૌહાણ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.જાદવ દેવેન્દ્ર ભિખાજી ઉ.વ.૨૦, ફિરોજપુર
- સ્વ.ઠાકોર ગજીબોન કાળાજી ઉ.વ.૫૯, ગલથરા, માણસા
- સ્વ.ઠાકોર કૌશિક ગોવાજી ઉ.વ.૩૧, ધોળાકુવા
- સ્વ.પટેલ ઈચ્છાબોન કાંતિભાઈ ઉ.વ.૭૪, સેકટર-૨૬
- સ્વ.વાઘરી સુરજબોન કેશાભાઈ ઉ.વ.૭૪, મહુન્દ્રા
- સ્વ.ઠાકોર ભુલાજી વાઘાજી ઉ.વ.૯૨, શિહોલી મોટી

● રૂદ્રભૂમિ ●

- સ્વ.રામ સુરજપ્રસાદ ઉ.વ.૭૫, રાંદેસણ
- સ્વ.પ્રજાપતિ રાકેશ રમણલાલ ઉ.વ.૫૧,સેકટર-૧૩